અપીલ અરજી નં.૪૨૧ તા.૨૬–૩–૦૯

અરજદારઃ શ્રી ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધનાઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ક્રાંતિ ક્રાઈમ ન્યુઝની તા.૨–૧–૦૯ની અરજીથી સંજરનગર વિભાગ–૪ ઉન તથા ઉધના ઉદ્યોગનગર રોડ નં.૮,સાંઈબાબા કમ્પાઉન્ડમાં તૈયાર થતા બાંધકામ બાબતે માહિતી આપવા બાબત.

***સંદર્ભઃ***–અરજદાર મજકુરની તા. ૨૬–૩–૦૯ ની અપીલ અરજી ૪૨૧/૨૦૦૮–૦૯

શ્રી ક્રાંતિ ક્રાઈમ ન્યુઝની તા.૨–૧–૦૯ ની અરજીથી સંજર નગર વિભાગ–૪, ઉન તથા ઉધના ઉદ્યોગનગર રોડ નં.૮, સાંઈબાબા કમ્પાઉન્ડમાં તૈયાર થતા બાંધકામ બાબતે માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક./આ./૯૧૪૪ તા.૨૩–૩–૦૯ થી આપેલ માહિતીના મુદ્દા નં.૨ ના મળેલ જવાબથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬ –૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૧૬ તા.૬–૪–૦૯થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધનાઝોન તથા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/૧૭૬ તા.૪–૫–૦૯ થી નમુના–ક ની મુળ અરજીની નકલ પુરી પાડવામાં આવેલ છે. જયારે અન્ય કોઈ માહિતી પુરી પાડવામાં આવેલ નથી. અરજદારને પણ અત્રેના તા.૬–૪–૦૯ ના પત્રથી મુળ અરજીની નકલ તથા મળેલ માહિતિની નારાજગી અંગે આધાર રજુ કરવા જણાવેલ પરંતુ અરજદાર તરફથીપણ કોઈ આધાર પુરાવા કે વાજબીપણાની પુરક માહિતી પુરીપાડવામાં આવેલ નથી.

અરજદારની મુળ અરજીમાં સંજરનગર વિભાગ–૪ ઉન તથા ઉધના ઉદ્યોગનગર રોડ નં.૮,સાંઈબાબા કમ્પાઉન્ડમાં તૈયાર થતા બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૯૧૪૪ તા.૨૩–૩–૦૯ થી માહિતી પુરી પાડવામાં આવેલ જણાય છે. જે અનુસાર હાઈટેન્શન લાઈન નીચે કોઈ બાંધકામ ચાલુ હોવાનું જણાયેલ નથી, તેવી માહિતિ આપી અરજીમાં જણાવેલ પશ્નવાળી મિલ્કતમાં મિલ્કત ધારકે બાંધકામ શરૂ કરવા સુડામાં જાણ કરી હતી તેની નકલ અરજદારને પુરી પડાયેલ જણાય છે. જે સુડા ધ્વારા સને–૨૦૦૨ માં સદર લે–આઉટ મંજુર કરાયેલ છે તેવી માહિતી પુરી પડાયેલ છે. પરંતુ અરજદારે ઉધના ઝોન ખાતે મિલકત ધારકે કોઈ ડોકયુમેન્ટ રજુ કર્યા હોયતો તેની નકલ તથા મંજુરી વિના બાંધકામ તૈયાર કરાતુ હોય તો તેની કાર્યવાહીની માંગણી કરેલ છે. તેમજ હાઈટેન્શન નીચે ચાલતા બાંધકામ બાબતે તા.૨–૧–૦૯ ના ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ પેપરના ફોટોગ્રાફી તથા અહેવાલનો હવાલો આપેલ છે. જે ધ્યાને લેતાં હાઈટેન્શન લાઈનની નજીક બાંધકામ થતું જણાય છે પરંતુ તે નિર્દિષ્ટ મિલ્કતનું જ છે કે કેમ? તથા હાઈટેન્શન લાઈનની નીચેજ બાંધકામ છે કે કેમ? તે માત્ર અખબારી ફોટોથી નિશ્ચિત થઈ શકે નહીં આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨–(જે) ની જોગવાઈ હેઠળ જાહેર સત્તા મંડળ પાસેના અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ દફતર પરથી માહિતી આપવાની જોગવાઈ છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨–૧–૦૯ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામા આવેલ છે. તેમ છતાં જે દફતર પરથી સદર માહિતિ મુદ્દા નં.૨ ની આપેલ છે તે દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭માં અરજદારને પૂરી પાડવા અને તેની જાણ અત્રે કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ,ઉધના ઝોન ,.......જાણ તથા અમલ માટે.

(૨) શ્રી ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ